(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



**વડીલોને વંદન**
**અભિનંદન**



વર્ષાબેન યોગેશભાઈ ત્રિવેદી
(૧૯૫૭)ફોન:૨૩૨૧૩૧૭૬

# રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે ૬૨ ટકાથી વધુ મતદાન

## મોદી, અડવાણી સહિત ૪૧૩ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ : મોદીના મત વિસ્તાર વડોદરામાં વિક્રમી ૭૦ ટકાથી વધુ મતદાન : ગુજરાતમાં ૨૬ બેઠકો ઉપર ૨૦૦૯ની સરખામણીમાં ૧૫ ટકાથી વધુ મતદાન નોંધાયું

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે લોકસભાની ૨૬ બેઠક પર હતું. ચૂંટણી પંચ દ્વારા પત્રકાર પરિષદ યોજીને ક્યા કેટલું મતદાન થયું તેના આંકડા આપવામાં આવ્યા શાંતિપૂર્ણ રીતે મતદાન થયું હતું. આજના મતદાનની સાથે ગુજરાતની ૨૬ બેઠકો ઉપર નરેન્દ્ર મોદી, લોકતંત્રના આ મહાનપર્વને ઉજવ્યો હતો. ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું સરેરાશ મતદાન ૬૨.૪ મતદાનનો સમય પુરો થવાના બે કલાકમાં ઠેર-ઠેર મતદારોની લાંબી કતારો જોવા મળી હતી. જેમાં હતી અને ચૂંટણીપંચના આદેશથી નરેન્દ્ર મોદી સામે એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી હતી. સોલંકી, બહુચર્ચિત સાસંદ વિઠ્ઠલ રાદડીયા, સોમા ગાંડા સહિત ૪૧૩ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં કેદ







આજે રેકોર્ડ ૬૨ ટકાથી વધુ શાંતિપૂર્ણરીતે મતદાન થયું હતું. ઉંચા મતદાનના કારણે ભાજપમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. આંકડા ઉપર નજર કરવામાં આવે તો વર્ષ ૨૦૦૯માં યોજાયેલી લોકસભાની ચૂંટણીની સરખામણીમાં ગુજરાતમાં ૧૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. વર્ષ ૨૦૦૯માં ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં ૪૭.૮૯ ટકા મતદાન થયું હતું જ્યારે આજે ગુજરાતમાં ૬૨.૪ ટકા મતદાન થયું હતા જે મુજબ સુરતમાં ૬૧.૫૦, ખેડામાં ૫૯.૫, ભરુચમાં ૬૬, સુરેન્દ્રનગરમાં ૫૪, સાબરકાંઠામાં ૬૧, જૂનાગઢમાં ૫૫.૯૯, વલસાડમાં ૬૬ ટકા જેટલું મતદાન થયું હતું. સાબરકાંઠામાં લાંબી લાઈનો હોવાથી ૩૮ મતદાન મથકો ઉપર સાંજે ૬.૩૦ વાગ્યા સુધી મતદાન ચાલ્યું હતું. ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની સાત બેઠકોની પેટાચૂંટણી માટે આજે લાલકૃષ્ણ અડવાણી સહિતના ૪૧૩ ઉમેદવારોના ભાવી ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. લોકસભાની સાતમાં તબક્કાની ચૂંટણી માટે ગુજરાતમાં પણ થયેલા બમ્પર મતદાનથી ચૂંટણીપંચના જડબેસલાક આયોજનની એક તરફ સર્વત્ર પ્રશંસા થઈ રહી છે ત્યાં બીજી તરફ કાળઝાળ ગરમીમાં પણ મતદારોએ ભારે મતદાન કરી વિશ્વના સહુથી મોટા લોકતંત્ર દેશમાં લોકતાંત્રિક ધરોહરનો વધુ મજબુત બનાવવાના પ્રયાસો કર્યા છે. આ ચૂંટણીની સહુથી મોટી વિશેષતા એ રહી છે કે ગુજરાતમાં ક્યાંય કોઈ અનિચ્છનીય બનાવ નોંધાયો નથી. મતદારોએ નિર્ભય પણે મતદાન કરી ટકા

નોંધાયું હતું, વિધાનસભાની સાત બેઠકોની પેટાચૂંટણીમાં પણ ઉંચુ મતદાન નોંધાયૂં હતું. રાજ્યમાં આજે પણ હીટવેવ જારી રહેતા અને બપોરનું તાપમાન ૪૨ ડિગ્રીથી વધુ રહેતા મતદારોએ બપોરની કાળઝાળ ગરમીથી બચવા વહેલી સવારથી જ મતદાન કેન્દ્રો પર લાઈન લગાવી હતી અને સવારના ૧૧ વાગ્યા સુધીમાં તો રાજ્યની ૨૬ બેઠકો પર ૩૫ ટકા જેટલું એવરેજ મતદાન નોંધાયું હતું. જ્યારે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ગુજરાતની જે બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે તે વડોદરાની બેઠક પર મતદાનની ટકાવારી શરૂઆતથી જ અન્ય બેઠકો કરતા વધુ રહી હતી અને મતદાનનો સમય પુરો થતાં વડોદરાની બેઠક પર ૭૦ ટકાથી પણ વધુ મતદાન નોંધાઈ ગયું હતું. રાજ્યનાન મોટાભાગના તમામ મતદાન મથકો ઉપર સવારના ચાર કલાક ભારે મતદાન રહ્યા બાદ બપોરે ભારે ગરમીને કારણે મતદાન શુષ્ક રહ્યું હતું પરંતુ ફરી સાંજે નવયુવાનો, મહિલાઓ તથા વૃદ્ધોએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. રાજ્યપાલ ડો. કમલાએ ગાંધીનગર સેક્ટર-૨૦ની પ્રાથમિક શાળામાં મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાણીપમાં અચલેશ્વર મહાદેવના મંદિર નજીક આવેલી નિશાન વિદ્યાલયના રૂમ નંબર ત્રણમાં સવારે ૯:૦૦ વાગે મતદાન કર્યું હતું.

નરેન્દ્ર મોદીએ મતદાન કર્યા બાદ મતદાન કેન્દ્ર નજીક ભાજપાનું પ્રતિક કમળ હાથમાં રાખીને પત્રકાર પરિષદનો સંબોધન કર્યું હોવાથી કોંગ્રેસે ચૂંટણીપંચમાં ફરિયાદ કરી

ભાજપના પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીએ આજે ખાનપુર વિસ્તારની ભરડીયાવાસની મ્યનિ. શાળામાં મતદાન કર્યું હતું અને મતદાન કર્યા બાદ કેન્દ્રમાં એનડીએ સત્તા આવશે તેવો પણ દાવો કર્યો હતો. ગુજરાતની ૨૬ બેઠકો માટે આજે યોજાયેલી ચૂંટણીમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, શંકરસિંહ વાઘેલા, મધુસુદન મિસ્ત્રી, અભિનેતા પરેશ રાવલ, કેન્દ્રિય મંત્રી ભરત થયા હતા. લોકસભાની કુલ નવ તબક્કામાં થનારી ચૂંટણીનો સાતમો તબક્કો આજે પુરો થયો છે હવે તા. ૭મીએ અને ૧૨મી મે ના રોજ અંતિમ બન્ને ચરણની ચૂંટણી યોજાશે. અને ૧૬મી મે ના રોજ જાહેર થનારા પરિણામમાં સ્પષ્ટ થઈ જશે કે કેન્દ્રમાં કોની સરકાર બનશે. વિધાનસભાની સાત બેઠકોની પેટાચૂંટણી માટે પણ શાંતિપૂર્ણરીતો ૬૨ ટકાની આસપાસ મતદાન થયું હતું.





## ચુંટણી કોલાહોલમાં ગુજરાતના સ્થાપના દિનની ઉજવણી વિસરાઈ!

ગાંધીનગર, તા.૩૦

તા. ૧ મે જે ગુજરાતનો સ્થાપના દિવસ છે. સામાન્ય રીતે રાજયના સ્થાપના દિન નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે પરંતુ આ વખતે ગુજરાતનો સ્થાપના દિવસ જાણે વિસરાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે! લોકસભાની ચુંટણીને લઈ તમામ રાજકીય પક્ષો અત્યાર સુધી ચુંટણી પ્રચારમાં વ્યસ્ત હતા જયારે સ્થાપના દિન પૂર્વે મતદાન હોવાથી લોકશાહીના સૌથી મોટા પર્વની ઉજવણીમાં રાજયના સ્થાપના દિનની ઉજવણી સદંતર કોરાણે મુકાઈ ગઈ છે. સરકારી કક્ષાએ સ્થાપના દિન નિમિત્તે કોઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું નથી જયારે અન્ય કોઈ સંસ્થા દ્વારા પણ ગુજરાતના સ્થાપના દિનને અનુલક્ષી કોઈ કાર્યક્રમનું આયોજન ન કરવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ થયું છે. ચુંટણી ચકરાવા વચ્ચે રાજયના સ્થાપના દિન પૂર્વેની સંધ્યાએ નગરમાં અગાઉની જેમ વિશેષ રોશનીની સજાવટ જોવા મળતી નથી. રાજકીય પક્ષો અને તંત્ર ચુંટણીલક્ષી કામગીરીમાં વ્યસ્ત હોવાથી સ્થાપના દિનની ઉજવણી તરફ કોઈની મીટ મંડરાઈ નથી. આ તબક્કે નગરની અન્ય કોઈ સંસ્થાએ પણ આ મામલે જાણે રસ ન દાખવ્યો હોવાનું સ્પષ્ટ થયું છે.

## મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલે સુપ્રસિદ્ધ તિરૂપતિ મંદિર ખાતે દર્શન કરશે

અમદાવાદ, તા. ૩૦

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલ તા. ૧-૫-૨૦૧૪ને ગુરૂવારના રોજ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી આંધ્રપ્રદેશના જગવિખ્યાત તિરૂપતિ મંદિરે સવારે દર્શનાર્થે જશે.

## શબ્દાવલી - ૫૩૮૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | |
| ૭ | | | ■ | ૮ | | | ■ |
| ૯ | | ■ | ૧૦ | | ■ | ■ | ૧૧ |
| ■ | ■ | ૧૨ | | | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | ■ | | ■ | ૧૫ | | |
| ■ | ૧૬ | ૧૭ | | ■ | | ■ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | ■ | | ■ |

### આડી ચાવી

૧. સારી પેઠે, સારી રીતે, (૩)
૪. પૈસા, રૂપિયા (૪)
૭. સાઇકલને લોકપ્રિય બનાવનાર ગામ (૩)
૮. ખાંભી, સ્મારક (૩)
૯. દક્ષિણા, સખાવત (૨)
૧૦. સ્ત્રીઓનો ટૂંકી બાંયનો કબજો (૨)
૧૨. અપવિત્ર, બુરૂ (૩)
૧૩. રાજાને... પણ કહેવાય(૨)
૧૫. ધાતુના પતરાની છીછરી થાળી(૩)
૧૬. રામકથામાં આવતું પ્રખ્યાત ગીધ (૩)
૧૮. કફન, મડદાને ઓઢાડાતું વસ્ત્ર (૩)
૧૯. બંગડી બનાવનાર કોમનો માણસ (૪)
૨૧. ચીંથરા, જૂના કપડાંના ટૂકડા(૨)
૨૨. વખત, પાળી (૨)

### ઊભી ચાવી

૧. સુબો, રાય (૪)
૨. નોકરી બદલ નિવૃત્ત થયે મળતો બેઠો પગાર (૩)
૩. રેઇન, વરસાદ (૨)
૪. એક જાતનો અઘોરી બાવો, શિવભક્ત (૪)
૫. અને, તથા (૨)
૬. થમ્સઅપની મુદ્રામાં અંગુઠો બતાવવો (૨)
૧૦. ચાર પાનાનું છાપુ (૪)
૧૧. આવક ઉપર લેવાતો કર(૫)
૧૩. દોરડું, લગામ (૨)
૧૪. આઇશ્રી મા ખોડિયારનું ધામ (૪)
૧૫. લાકડાની છોલ વગેરેનો સળગાયેલો અગ્નિ (૩)
૧૭. લાગ, તક, મોકો (૨)
૧૮. ભર્યું ના હોય તેવું (૨)
૧૯. મોત, હેરાનગતિ (૨)
૨૦. મિત્ર, દોસ્ત (૨)

### શબ્દાવલી ૫૩૭૯ના જવાબ

***આડી ચાવી :-*** (૧) સરગવો (૫) કતેડુ (૭) રસદાર (૮) સપકલી (૯) રીઅલી (૧૧) વલવલાટ (૧૩) જંકશન (૧૬) ગણપતિ (૧૭) ધગશ (૨૦) પરાયણ

***ઊભી ચાવી :-*** (૧) સરભરા (૨) રસ (૩) ગદાધારી (૪) વોર (૫) કડપ (૬) ડુપલીકેટ (૮) સલીલ (૧૦) અવનતિ (૧૨) વસુંધરા (૧૩) જંગલી (૧૪) કણ (૧૫) શપથ (૧૮) ગય (૧૯) શણ

## અડવાણીએ ખાનપુરમાં અને મોદી દ્વારા રાણીપમાં મતદાન

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો પર આજે થયેલા વિક્રમજનક મતદાનમાં દિવસ દરમિયાન કોણે ક્યાંથી મતદાન કર્યું અને કંઈ કંઈ ફરીયાદો થઈ હતી તેનું વિતરણ આ મુજબ છે :

- નરેન્દ્ર મોદી અમદાવાદ રાણીપ વિસ્તારમાંથી મતદાન કર્યું
- લાલકૃષ્ણ અડવાણીએ ખાનપુરના ભરડીયાવાસમાં ૧૧:૩૦ વાગે મતદાન કર્યું
- નરેન્દ્ર મોદીની માતા હીરા બાએ ગાંધીનગરથી કર્યું મતદાન
- શંકરસિંહ વાઘેલાએ વાસણાથી મતદાન કર્યું
- શીલજમાં ૨૦ મીનીટ માટે ઈવીએમ મશીન બગડ્યું, થોડી વાર માટે મતદાન ખોરવાયા પછી ફરી મતદાન શરૂ
- પુનમ માડમે પરિવાર સહિત જામનગરથી મતદાન કર્યું
- વડોદરાના કોંગ્રેસના મધુસુદન મિસ્ત્રી ગાંધીનગર સેક્ટર-૮માંથી મતદાન કર્યું
- વડોદરાના કારેલીબાગ જ્યોતિ કેન્દ્ર સ્કુલ ખાતે થોડી મીનીટો માટે ઈવીએમ મશીન બગડ્યું
- રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અનિતા કરવલે મતદાન કર્યું
- પોરબંદરના ભાજપના ઉમેદવાર વિઠ્ઠલ રાદડીયાએ જામકંડોરણાથી મતદાન કર્યું
- અમદાવાદ, ખોખરા મ્યુનિસિપલ શાળા નંબર ૧ નું ઈવીએમ મશીન બગડ્યું
- નારોલમાં એક સરકારી શાળામાં વિજળી જતા થોડા સમય સુધી મતદાન અટક્યું
- વડોદરામાં મતદાર યાદીમાંથી અનેક લોકોના નામ ગુમ થયા, કારેલીબાગ અને નિઝામપુરામાં લોકોમાં રોષ
- વડોદરા અટલાદરામાં મતદાન ૧૦ મિનિટ મોડુ શરૂ થયું, મતદારો અને સ્ટાફ કર્મીઓ વચ્ચે બોલાચાલી
- અમદાવાદ રાણીપમાં ઈવીએમ મશીન ખોટકાતા ૧૫ મીનીટ મતદાન મોડુ શરૂ થયું
- કેન્દ્રીય મંત્રી દિનશા પટેલે મતદાન શરૂ કર્યું
- અમદાવાદ શહેરમાં કોટડામાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે મારામારી

## મતદારોએ કોંગીના તરફી મતદાન કર્યુ : મોઢવાડીયા

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના મતદાતાઓએ ઉત્સાહ ભેર મતદાન બદલ મતદાતાઓને અભિનંદન સાથે આભાર માનતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા અને વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતુ કે, ગુજરાતના મતદાતાઓએ પોતાનો કિંમતી મતનો ઉપયોગ કરીને લોકશાહીને મજબુત કરેલ છે. સતત ગરમીનું ઉંચું પ્રમાણ હોવા છતાં ગુજરાતના મતદાર ભાઈ-બહેનો અને ખાસ કરીને વરિષ્ઠ નાગરીકોએ ઉત્સાહ ભેર મતદાનમાં ભાગ લીધો. ગુજરાતમાં ભ્રામકતા અને સરકારની નાકામી વચ્ચે મતદાતાઓએ કોંગ્રેસપક્ષ તરફી મતદાન કર્યું છે. કોંગ્રેસપક્ષ ગુજરાતના તમામ મતદાર ભાઈ-બહેનોનો મતદાન કરવા બદલ અભિનંદન સાથે આભાર માને છે.

## ભારે મતદાન બદલ ભાજપે મતદારોનો આભાર માન્યો

### ૧૬મી મેના દિવસે સમગ્ર ભારતમાં ૩૦૦થી વધુ કમળ ખીલી ઉઠશે : પરષોત્તમ રૂપાલા દ્વારા પ્રતિક્રિયા અપાઈ

અમદાવાદ, તા.૩૦

આજે ગુજરાતની ૨૬ લોકસભા અને દીવ દમણ તથા દાદરા નગર હવેલીની બે લોકસભાની બેઠકો ઉપર યોજાયેલ ચૂંટણીઓમાં થયેલ વ્યાપક મતદાન અંગે સંતોષ વ્યક્ત કરતાં પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ તથા ચૂંટણી કેમ્પેઈન કમીટીના અધ્યક્ષ પરષોત્તમ રૂપાલાએ ગુજરાતની પ્રાજ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે.

આજે સવારના ૭ વાગ્યાથી જ મતદારો દ્વારા મતદાન અંગે મતદાન મથકો ઉપર દાખવવામાં આવેલી સક્રિયતા, યુપીએ કોંગ્રેસના શાસન પ્રત્યેના પ્રજાના ભારોભાર રોષની લાગણી વ્યક્ત કરી છે તેમ ભાજપના પ્રદેશ પ્રમુખ આરસી ફળદુએ જણાવ્યું હતું છેલ્લા ૧૦ વર્ષના યુપીએ કોંગ્રેસના કુશાસન અંગે પ્રજા કોંગ્રેસને સબક શીખવાડવા માટે મન બનાવી ચુકી હતી અને આજે નિર્ણાયક અવસરે ભારે માત્રામાં મતદાન કરીને શાસન વ્યવસ્થામાં પરિવર્તન આણીને, ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ ભાજપાની સરકાર બનાવવાનાં સ્વયંભૂ નિર્ણય ઉપર પ્રજાએ આજે મંજુરીની મહોર મારી છે, એમ ચૂંટણી કેમ્પેઈન કમીટીના અધ્યક્ષ પરષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું.

## વાવોલમાં ૯૩ વર્ષના હિરજીકાકાએ મતદાન કર્યુ

ગાંધીનગર, તા. ૩૦

વાવોલની પ્રાથમિક શાળામાં આજે વહેલી સવારથી મતદાતાઓની લાંબી લચક લાઈનો લાગી હતી. સવારે લગભગ ૧૦ વાગ્યાના સુમારે અહી હિરજીભાઈ વસંતલાલ જોષી નામના ૯૩ વર્ષીય વયોવૃદ્ધ મતદાતા મતદાન કરવા આવી પહોંચ્યા હતા. બિમાર હોવાથી શરીરે અશક્ત એવા આ વડીલ ચાલવાની ઘોડીના સહારે તેમની પત્ની સાથે મતદાન કરવા આવી પહોંચ્યા હતા. બાકીના મતદારોમાં પણ ગજબનો ઉત્સાહ વ્યાપી ગયો હતો. સૌ મતદારોએ તેમને મતદાનમાં અગ્રીમતા આપી હતી અને ચૂંટણી અધિકારી તેમને મતકુટિર સુધી દોરી ગયા હતા. જ્યાં હિરજીભાઈએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. એક તબક્કે બટન દબાવતા પહેલા હિરજીકાકા શ્વાસ લેવા થોભ્યા હતા. ત્યારે ચૂંટણી અધિકારીએ તેમને ઈવીએમ મશીન વિશે માહિતી આપવાનો પ્રયાસ કર્યો હતો જેને હિરજીભાઈએ હાથનો ઈશારો કરી અટકાવ્યા હતા અને તેમના ખસી ગયા બાદ જ બટન દબાવ્યુ હતુ. આ ઘટના જોઈ હાજર તમામ લોકો વયોવૃદ્ધ વડીલની સમજણ પર આફ્રિમ પોકારી ગયા હતા.



(તસવીર : સમીર રામી)

## કયા જિલ્લામાં કેટલું મતદાન

ગુજરાતમાં આજે તમામ ૨૬ લોકસભા બેઠક માટે મતદાન યોજાઈ ગયું હતું. મતદાન શાંતિપૂર્ણરીતે પૂર્ણ થયા બાદ તંત્રને મોટી રાહત થઈ છે. નરેન્દ્ર મોદીના મતવિસ્તારમાં સૌથી વધારે મતદાન નોંધાયું હતું. વડોદરા જિલ્લામાં ૭૦ ટકાથી પણ વધારે મતદાન નોંધાતા ભાજપની છાવણીમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. કયા જિલ્લામાં કેટલા ટકા મતદાન થયું તે નીચે મુજબ છે.

| જિલ્લો | મતદાન ટકા | જિલ્લો | મતદાન ટકા |
|---|---|---|---|
| કચ્છ | ૬૦ | ભાવનગર | ૫૯ |
| બનાસકાંઠા | ૬૦ | બોટાદ | ૫૪ |
| પાટણ | ૫૯ | આણંદ | ૬૫ |
| મહેસાણા | ૬૬ | ખેડા | ૫૬ |
| સાબરકાંઠા | ૭૦ | મહિસાગર | ૫૫.૩૫ |
| અરવલ્લી | ૬૪ | પંચમહાલ | ૬૦ |
| ગાંધીનગર | ૬૨ | દાહોદ | ૬૫ |
| અમદાવાદ | ૬૨.૩૦ | વડોદરા | ૭૦ |
| સુરેન્દ્રનગર | ૫૪ | છોટાઉદેપુર | ૬૮ |
| મોરબી | ૫૫ | નર્મદા | ૭૮ |
| રાજકોટ | ૫૮ | ભરુચ | ૬૫ |
| જામનગર | ૫૯.૪૨ | સુરત | ૬૧.૫૦ |
| દેવભૂમિ દ્વારકા | ૫૪.૨૨ | તાપી | ૭૭.૫૦ |
| પોરબંદર | ૪૬ | ડાંગ | ૭૫.૯૦ |
| જૂનાગઢ | ૫૩ | નવસારી | ૫૯.૩૯ |
| ગીર સોમનાથ | ૬૫ | વલસાડ | ૭૨.૬૦ |
| અમરેલી | ૫૩.૪૫ | | |

### વાવોલ-ગોકુલપુરામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી હતી. જેનો કર્મચારીઓએ છુટથી ઉપયોગ કર્યો હતો. રાજકીય પક્ષોના કાર્યકર્તાઓએ 'ખ' માર્ગ પર મતદાન સહાયતા માટે અડ્ડા જમાવ્યા હતા. જ્યાં તેમણે મતદાતાઓને યાદીમાં તેમના નામ શોધી આપવામાં મદદ કરી હતી.

સેક્ટર-૧૫ની અંદર આવેલ ફતેપુરા ગ્રામ્ય વિસ્તારમાં આજે સવારથી જ ધડાધડ મત પડવા લાગ્યા હતા. અહી પણ બપોરના ૧૨ વાગ્યા સુધીમાં મતદાનનો આંકડો ૪૨ ટકાને પાર પહોંચી જતા જ ભારે મતદાન થવા અંગે ચૂંટણી અધિકારીઓ આશ્વત થઈ ગયા હતા. સાંજ પડતા સુધીમાં આ આંકડો ૬૦ ટકાને પાછળ મુકીને આગળ વધી ગયો હતો. અહીંના મતદાતાઓએ બપોરે આકરા તાપની પરવા કર્યા વગર જ સતત મતદાનનો પ્રવાહ વહેતો રાખ્યો હતો. સેક્ટર-૧૪ના રહીશોએ પણ આજે તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

વાવોલમાં મહિલા મતદારોએ બપોરના સમયે સૌથી વધુ મતદાન કર્યુ હતુ અને તે સંખ્યા સાંજે પણ વધારે રહી હતી. કેટલાક સ્વૈચ્છિક કાર્યકરોએ સાંજ પડતા સુધીમાં બાકી રહેલ મતદારોને પણ ઘરે જઈને જાણ કરી તેમને મત આપવા અનુરોધ કર્યોહતો. એકંદરે સમગ્ર દિવસ દરમ્યાન ધાર્યા કરતા ખૂબ જ સારૂ મતદાન થવા પામ્યું હતું.

**ટચૂકડી જાહેર ખબર**

**પર્સનલ/ગૃપ ટ્યુશન**

૧૨ વર્ષના અનુભવી શિક્ષકો દ્વારા ધો. ૮,૯, ૧૦ના ગુજરાતી માધ્યમના ટ્યુશન ઘરે આવીને પણ આપવામાં આવશે. ગુણવત્તા યુક્ત પરિણામની ગેરંટી સાથે

**સંપર્ક :**
૯૪૨૯૮ ૭૧૭૭૮
૯૪૨૯૮ ૭૧૭૭૯

**મકાન ભાડે આપવાનું છે**

સે.૧૪, મહાત્મા મંદિરની સામે
ભાડુ : ૬૦૦૦/-
દલાલ માફ
મો. નં. ૯૭૨૩૫ ૦૦૦૬૪